

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*હવે તો ઠેર ઠેર મોટા અજગરો દેખાય છે,*
*ગળી જાય છે જીવો, આખે આખા, શાંત દેખાય છે.*
*પૂજાય છે છતાંય, ભય અને ભરડાની ધાકે -*
*ડંખીલા ને ઝેરીલા છે છતાં, સર્વત્ર પૂજાય છે.*
*(નાગ પાંચમ)*

### હાઈકુ

*દૂધ પાઈને*
*ગુજરાતની પ્રજા*
*ઉછેરે એને...*

*મારે છે ફૂંક*
*ડરે સૌ ફૂંફાડાથી -*
*મદારી પણ...*

### ચિંતન

*ભયે વા યદિ વા હર્ષે સંપ્રાપ્તે યો વિમર્શયેત્ ।*
*કૃત્યં ન કુરુતે વેગાન્ન સ સંતાપમાપ્નુયાત્ ॥*

**ઉપરોક્ત શ્લોક 'સુભાષિત રત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે..**

**ભય અથવા હર્ષનું કારણ પ્રાપ્ત થયા પછી જે માણસ લાંબો વખત વિચાર કર્યા કરે છે, પણ સત્વરે જે કરવું જોઈએ તે કરતો નથી, તે છેવટે સંતાપને પામે છે.**

**'જે થઈ ગયું તે થઈ ગયું' ભૂલ, રોગ, વિનાશ, વિપત્તિ એ આપણાં જ આજના કે પૂર્વજન્મોના કર્મોનું પરિણામ છે.**

**અનિયમિત જીવન, જીભની ગુલામી, પેટ પર અત્યાચાર એ આપણી જ ભૂલો છે. તેને કારણે આવતા રોગો માટે હવે ચિંતા કરવી નકામી છે ભોગવો ને હસતે હસતે સહન કરો.**

### સુવિચાર

- ચિક્કાર મેદનીમાં ઊમટેલા લોકો ને મોટા કપટથી છળવાનું બહુ આસાન છે? - **એડોલ્ફ હિટલર**
- જયાં કોઈ કાયદાનું અસ્તિત્વ ન હોય ત્યાં પણ એક અફર કાયદો તો હોય જ છે, એ જ તમારા હૃદયની અનુભૂતિ - **સાયરસ**
- તમારા 'હું' પર વીંટળાયેલા અજ્ઞાનરુપી આવરણો કાઢી નાખો, એમ કરશો તો જ તમારો 'હું' ઈશ્વરના 'હું' સાથે એકરુપ થશે - **મિખાઈલ નેઈમી**
- પાછળી ભૂલો ધોવા માટે, 'રિલેટીવ' માં પસ્તાવો અને 'રિયલ' માં આનંદ- આ બુ હોવા જોઈએ - **આપ્તસૂત્ર**
- સાચો પસ્તાવોથી માણસ નો નવો જન્મ થાય છે - **સંત વિલિયમ**
- સ્વર્ગ એટલે દરેક માણસનો આત્મા ત્યાં જવા તલસી રહ્યો છે તે સ્થળ. પણ ત્યાં પહોંચવાના રસ્તા બધા ધર્મોના જુદા જુદા છે - **નવનીત**
- આજનું ઔષધ : શેરડીનો રસ સહેજ નવશેકો ગરમ કરી પીવાથી હેડકી બંધ થાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

શીખધર્મના પ્રવર્તક ગુરુનાનકે એમના પુત્રને બોલાવીને કહ્યું, 'બેટા, હું રોજ શાળાની સફાઈ કરું છું પણ ઉતાવળમાં આજે એ કામ ભૂલી ગયો છું. તું જા અને શાળાની સફાઈ કરી આવ.' પુત્રએ જવાબ આપ્યો, 'પિતાજી, હજી હમણાં જ મેં સ્નાન કર્યું છે, અને હું પ્રાર્થના કરવા જઉં છું; ઝાડું પોતાના કરવામાં મારા કપડાં મેલા થાય અને ફરી સ્નાન કરવું પડે પછી પ્રાર્થના કરવા જઉં પડે. મને નહીં પણ સફાઈનું કામ અંગદને સોંપો.' ગુરુનાનકે અંગદ ને બોલાવ્યો અને કામ સોંપ્યું. અંગદે શાળાની સરસ સફાઈ કરી, પછી ફરીથી સ્નાન કરી પ્રાર્થના કરવા બેઠો... ગુરુ નાનકે અંગદની નિષ્ઠા જોઈ ખુશ થયા. થોડા દિવસ પછી ગુરુનાનક અને તેમના શિષ્ય ભેગા થયા. આ એ દિવસ હતો કે જયારે ગુરુ પોતાના ઉત્તરાધિકારીનું નામ ઘોષિત કરવાના હતા. ગુરુ નાનકે શિષ્યોને કહ્યું, 'મારા ઉત્તરાધિકારી તરીકે હું મારા શિષ્ય અંગદ ને નિયુક્ત કરું છું.' એક શિષ્યએ ગુરુ નાનકને પૂછ્યું પણ ખરું, 'અમે તો ધારતા હતા કે આપ આપના પુત્રની પસંદગી કરશો. એની જગ્યાએ આપે અંગદ પર પસંદગી ઉતારી.' ગુરુ નાનકે કહ્યું, 'શાળાની સફાઈ કરવામાં જે આનાકાની કરતો હોય તે સમાજની સફાઈ કરી શકે નહીં.'

# હૈયાની વાત હોઠે - કયારે તો આવે જ

**તંત્રીસ્થાનેથી...**

ઉપરાષ્ટ્રપતિ ડૉ. હામિદ અન્સારીએ એમના વિદાય પ્રવચનમાં વર્ષોથી એમના હૈયે ધરબાયેલી પીડા રજૂ કરી છે. માણસ એના જીવનકાળ દરમિયાન કેટલાંક કડવા સત્ય ઉચ્ચારવાની હિંમત નથી કરી શકતો. પરંતુ મરતો માણસ આખી જિંદગી સુધી છુપાયેલું સત્ય ઓકી નાખતો હોય છે. મેડિકો લીગલ ભાષામાં એને મરણોત્તર નિવેદન કહેવાય છે, જો કે સાચો શબ્દ 'મરણ પૂર્વેનું નિવેદન' હોવો જોઈએ. 'ડાઈંગ ડિકલેરેશન' નો એ અનુવાદ છે. મરનાર માનવી જૂનું ન જ બોલે, એટલું તો ન્યાય તંત્ર પણ સ્વીકારે છે. એ દૃષ્ટિએ ડૉ. હામિદ અન્સાસીનું દેશના મુસ્લિમો વિશેનું નિવેદન ખરેખર ગંભીરતાથી લેવાવું જોઈએ. તેઓ દસ વર્ષ સુધી આ દૂંટીની વાત ન કરી શક્યા, તે એમની ખાનદાની કહો કે મજબૂરી - પણ હકીકત તો આખરે હકીકત જ રહે છે. હામિદ અન્સારીના હૈયે રમતી કહેશત દેશનો સરેરાશ મુસલમાન પણ અનુભવે છે, એને પણ કોઈ અચાનક એક યા બીજા બહાને અપમાનિત કરી બેસશે - એવો છૂપો ભય તો સતાવે જ છે. સત્તાધારી પક્ષ સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના નામે કેટલાક એવા દુરાગ્રહો ધરાવે છે જે દેશના મુસલમાનને દિલથી અપનાવવા ન ગમે. દાખલા તરીકે એને મૌલવીઓ અને મદરેસાઓમાંથી મળેલ આદેશ મુજબ એ અલ્લાહ સિવાય બીજા કોઈ સામે ઝૂકવું કે એને પૂજવાનું પસંદ નહીં કરે. આ સમજણ અલબત્ત સંકુચિત છે, પણ એને તો એ ગળથૂથીમાં મળી છે. કુરાનનું અને શરીઅતનું ઉદાર અર્થઘટન કરવાની કોઈ હિંમત કરી શકતું નથી તેમ હિંદુઓની જેમ ભગવાન જેવા ભગવાનની પણ મીઠી મજાક કરવાની ઈસ્લામ મંજૂરી નથી આપતો. એથી નાની-મોટી બાબતોમાં ફતવા જાહેર થતા રહે છે - ત્યાં સુધી કે એવી કહેવાતી હરકત બદલ બિચારા નિર્દોષ જીવોને 'ધર્મવટો' અપાવી શકાય છે, બલકે એવા ગુના બદલ એને જીવ ગુમાવવો પડે તોય નવાઈ નહીં. ગૌરક્ષા મુદે કોણ જાણે કેમ મુસલમાનો દેશની બહુમતીની આસ્થાને અનુકૂળ થતાં કચવાટ અનુભવે છે, નહીંતર એમના હામિદ અન્સારી જેવા બૌદ્ધિક આગેવાનોએ આ મુદ્દો મઝહબી નેતાઓ સાથે બેસી ઉકેલવો જોઈતો હતો; તલાક મુદ્દે પણ બૌદ્ધિકો ચૂપ રહે છે તે કેવું! ગૌરક્ષા મુદ્દે લઘુમતી સમાજને હરહંમેશ શંકાની નજરે જ જોવો એ પણ બરાબર નથી. આવી દુર્ઘટનાઓ સવિશેષ છેલ્લા થોડાં વર્ષો દરમિયાન વધી ગઈ છે, તે ખરેખર રાષ્ટ્રીય ચિંતા અને ચિંતનનો વિષય ગણાવો જોઈએ. બહુભાષી અને બહુરંગી સાંસ્કૃતિક પ્રવાહો ધરાવતા મહાન રાષ્ટ્રને માનવતાંનાં શ્રેષ્ઠ માપદંડો જ લાગુ પડે. આપણા દેશમાં મુસલમાનો વધારે સલામત છે - હિંદુઓ પાકિસ્તાનમાં કે બાંગ્લાદેશમાં જરા પણ સલામત નથી, એવી દલીલમાં તથ્ય હોઈ શકે, પરંતુ એથી એ દેશની બહુમતી જેવો વ્યવહાર આપણા દેશની બહુમતીએ પણ અહીંની લઘુમતી સાથે કરવો જોઈએ એવી દલીલ વાહિયાત છે. ભારત એ ભારત છે. એ 'હિંદુસ્તાન' જરૂર છે, પણ એની ગંગાજમની તહેજીબની રૂએ દેશમાં મુસલમાનો અને ખ્રિસ્તીઓનો પણ સમાન હક્ક છે. કોંગ્રેસ આ વિચારસરણી મુજબ વર્તતી રહી એથી એના પર લઘુમતીઓના તુષ્ટીકરણનો આક્ષેપ થયો. એથી હિંદુ બહુમતીનું ધ્રુવીકરણ શક્ય બન્યું અને 'હિંદુ રાષ્ટ્ર'ની વિચારધારાને વરેલા સંકુચિત રાષ્ટ્રવાદને પોષણ મળ્યું. જો હામિદ અન્સારીની વેદનાનું સાચું હાર્દ નહીં સમજીએ તો એ દિવસો સૂધી નથી જયારે ફરી એક વાર મઝહબના નો દેશના ટુકડા કરવાની માગણી શરુ થઈ શકે છે. એમાં ઉત્તર ભારત અને દક્ષિણ ભારતને જુદાં પાડતી આર્ય-અનાર્ય વાળી વિરોધી વિચારસરણી ભળી શકે છે અને અલગ ખાલિસ્તાનની માગ પણ બુલંદ બની શકે છે.

# ઉચ્ચ કેળવણીનો ખર્ચ રાજયની તિજોરીમાંથી કરવા સામે મહાત્મા ગાંધીનો વિરોધ



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

> **ગાંધી ઉચ્ચશિક્ષા સંસ્થાઓ સ્વાવલંબી બને એમ ઈચ્છતા હતા**

ગાંધીજીના કેળવણી વિચારનું પ્રતિબિંબ એવી વર્ધા યોજના સામે વિરોધ પણ હતો. કેટલાક ટીકાકારો એવી દલીલ કરે છે કે સઘળું લક્ષ વર્ધા યોજના ઉપર કેન્દ્રીય કરવામાં આવ્યું હતું. માધ્યમિક ક્ષેત્ર અને એનાથી ઉપર ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ પરત્વે દુર્લક્ષ કરવામાં આવ્યું છે. દેશમાં શિક્ષણની રાષ્ટ્રીય નીતિ સંદર્ભે નિમાયેલી ઝાકીર હુસેન સમિતિએ જો કે આવી ટીકા થશે એવી કલ્પના કરી હતી.

ગાંધી વિચારની કેળવણીનો પાયાનો સંદર્ભ આત્મસાત કરી ચૂકેલી આ સમિતિએ ટીકાઓ સંબંધે સ્પષ્ટ કર્યું કે 'કેટલાક લોકો આ યોજનામાં માધ્યમિક અને ઉચ્ચત્તર શિક્ષણનો કશો ઉલ્લેખ નથી એ બાબતે ચિંતા વ્યક્ત કરે છે. આ સમિતિએ બાળકના સાત વર્ષના પાયાના શિક્ષણની યોજના તૈયાર કરવાનું જ સોંપવામાં આવ્યું હતું. ટીકાકારોને એવી ભીતિ છે કે આ સમિતિ ઉચ્ચ શિક્ષણની સગવડોને મર્યાદિત કરી દેવા માગીએ છીએ. પરંતુ વર્ધા યોજના તો બધા બાળકોની સાર્વત્રિક બધા બાળકોની સાર્વત્રિક અને ફરજિયાત કેળવણીની યોજના છે.' આ સમિતિએ દેશની આઝાદી બાદ શિક્ષણનું એવું માળખું રાષ્ટ્રીય સ્તરે અમલી બનાવવાનો પ્રયાસ કર્યો હતો કે બહુ સરળતાથી બાળક પ્રાથમિક શિક્ષણ મેળવે અને ક્રમશઃ ઉચ્ચ શિક્ષણ સાથે સહજતાથી જોડાયો જાય. સમિતિએ સ્પષ્ટ કર્યું હતું કે 'જે બાળકો લાયક હોય તેમને માટે પ્રાથમિક શિક્ષણ પછી ઉચ્ચ કેળવણી યોગ્ય ક્રમમાં આવવી જોઈએ. આ માટે જયારે સાર્વત્રિક અને ફરજિયાત કેળવણી પૂર્ણ થાય એ પછીની શિક્ષણ માટેની જે યોજના તૈયાર કરવામાં આવે ત્યારે પ્રાથમિક કક્ષાના અભ્યાસ શિક્ષણની યોજના સાથે તેનું અનુસંધાન થવું જોઈએ. જેના થકી જે વિદ્યાર્થીઓને પોતાની કેળવણી આગલ ચાલુ રાખવી હોય તેમને શિક્ષણમાં એકસૂત્રતા અને પૂરતી બૌદ્ધિક તૈયારીનું ભાથુ મળી રહે.'

ગાંધી વિચારને અમલમાં મૂકતી આ પ્રાથમિક શિક્ષણ માટેની સમિતિએ આઝાદ ભારતમાં લોર્ડ મેકોલેની શિક્ષણ પદ્ધતિને ફગાવવા માટેના પ્રયાસો કર્યા હતા. કાળક્રમે શિક્ષણના ક્ષેત્રમાં પ્રારંભિક તબક્કે દાખલ કરવામાં આવેલી અને તેનું અનુસંધાન જેમ જેમ બાળક આગળ ભણવા જતો જાય તેમાં તેમ તે વિકસિત થતો જાય અને સાથે સાથે શિક્ષણ પ્રાપ્ત કરતો જાય એવો વિચાર હતો. કાળક્રમે શિક્ષણમાં પ્રાથમિક માધ્યમિક - ઉચ્ચત્તર માધ્યમિક અને ત્યારબાદના કૉલેજ શિક્ષણ (ઉચ્ચ શિક્ષણ)નો 'શિક્ષણ અનુસંધાન'નો પ્રયોગ આપણે પૂરેપૂરી રીતે અમલી બનાવી શક્યો નહીં. આજના શિક્ષણના પ્રશ્નોમાં મહદઅંશે શિક્ષણના આ અનુસંધાનો નહીં સાંધવાના કારણે પણ પ્રશ્નો આવ્યા છે.

વર્ધા યોજનામાં તો જુદા જુદા તબક્કે દરેક પ્રકારના બાળકો માટે કેળવણીની સાંગોપાંગ જરૂરિયાતની કાળજી લેવામાં આવી હતી. પ્રાથમિક કેળવણીના સાત વર્ષમાં બાળક પાયાની કેળવણી મેળવી લે એવો ઉમદા વિચાર તેમાં હતો.

આપણે જયારે ગાંધીની વાત કરીએ તો ગાંધીજી દુનિયામાં મળી શકે તે ઉંચામાં ઉંચી કક્ષાની કેળવણીના વિરોધમાં કયારેય ન હતા. હા તેમનો વિરોધ હતો એ બાબત તદ્દન જુદી છે. ગાંધીજીનો હતો 'સઘળી ઉચ્ચ કેળવણીનો ખર્ચ રાજયની તિજોરીમાંથી કરવામાં આવે તેની સામે હતો. ઉચ્ચ શિક્ષણ આપતી કૉલેજો અને યુનિવર્સિટીઓ સ્વાવલંબી બને તેમ તેઓ ઈચ્છતા હતા. ગાંધીજીના અભિપ્રાય પ્રમાણે 'જેમની સેવાઓની રાજયને જરૂર હોય તેમને જ તેણે કેળવણી આપવી જોઈએ.'

ગાંધીજી કેળવણીની બાબતમાં કેટલા જાગરુક હતા. તે એમના આ કથન ઉપરથી સમજાય છે. શિક્ષણની સાથે 'હર હાથ કો કામ' એ આપણા લોકશાહી દેશનો પ્રચલિત નારો બહુ સહજતાથી તેમાં સફળ થઈ શકે એવી સ્થિતિ આપણે પેદા કરી શક્યા હોત. કાળક્રમે એ આપણે ચૂકયા છીએ.

**(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)**

# શ્રાવણ વરસે સરવડે : કોઈ ઝીલોજી



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

શ્રાવણના સરવડા એક અનોખી સુષ્ટિનું નિર્માણ કરે છે. આ મહામૂલા વર્ષાજળ ઝીલવાની વાત કવિ બાલમુકુન્દ દવેએ તેમના ચિરંજીવી રહેનારા શબ્દપુષ્પોના માધ્યમથી કરી છે.

આ શ્રાવણ વરસે સરવડે
કોઈ ઝીલોજી
પેલાં રેલી ચાલ્યા રૂપ હો
કોઈ ઝીલોજી.

વર્ષાના જળ વ્યાપક રીતે કલ્યાણકારી હોય છે. આપણાં ધરતીપુત્ર કિસાનો ભર્યા ભાદર્યા અષાઢ તથા શ્રાવણના મજબૂત ટેકાથી સમગ્ર વર્ષ સુધારી લે છે. ધરતીપુત્રનો માડીજાયો વીર તો વરસાદજ છે. અન્ય સગાવહાલા ન હોય તો કદાચ નભી જવાય પરંતુ વરસાદ વિના આયખું કેમ કપાય ? લોકકવિએ ગાયું છે :

વણસગે વણસાગવે
વણનાતરીયે નેહ
વણ માવતરે અમે જીવીએ
એક તું વિણ મરીએ મેહ.

વરસાદ સાથે જોડાયેલી વરસાદી પ્રકોપની કે અતિવ્રષ્ટિની વાતો પણ વ્યથા ઉપજાવે તેવી હોય છે. દેશ કે રાજ્યના મર્યાદિત વિસ્તારમાં આવો કુદરતી પ્રકોપ રેલાયો હોય તો પણ બાકીના અનેક વિસ્તારના લોકો આ સ્થિતિનો રંજ અનુભવે છે તેમજ સહાનુભૂતિ પ્રગટ કરે છે તે આપણી ખરી માનવતા છે. ખરો માનવ ધર્મ છે. માનવ ધર્મ સદ્દભાગ્યે કોઈ સંપ્રદાયના બંધને બંધાયો નથી. સંકીર્ણતા નહિ પરંતુ સાર્વત્રિક્તા એજ તેની ખૂબી તથા ચાલક બળ છે. સહાનુભૂતિ સાથેજ મદદનો પ્રવાહ જરૂરિયાતમંદ ભાંડુઓ તરફ સમગ્ર સમાજ તરફથી આવા પ્રસંગે વહેતો રહે છે. અસાધારણ વરસાદ કે વરસાદનો સદંતર અભાવ એ મૂળભૂત રીતે કુદરતી પ્રકોપ ગણાય. આમછતાં તાજેતરમાં થયેલા ભારે વરસાદની સ્થિતિ જોતાં અનેક લોકોને એવી લાગણી સકારણ થયા કરે છે કે ખાસ કરીને શહેરી વિસ્તારોમાં આપણે વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કેમ કરી શકતા નથી ? જે પરંપરાગત વરસાદી પાણીના નિકાલના માર્ગો છે તે કેમ ખુલ્લા રાખવામાં નથી આવ્યા ? અનેક તળાવડીઓ હવે ગગનગામી ફલેટસના નામે તથા સ્વરૂપે ઓળખાય છે. પાણીને જવાના કે એકત્રિત થવાના સ્થળો નિરંતર ઓછા થતા ગયા છે. અનેક નાની મોટી તળાવડીઓ એ શહેરના વિસ્તાર કે વિકાસમાં નામશેષ થવા પામી છે. આવી સ્થિતિમાં જોકે તત્કાળ રાહતના પગલા આવશ્યક અને આવકાર્ય છે. સરકારી તંત્ર તથા સમાજનો આવી સ્થિતિને પહોંચી વળવાનો પ્રયાસ પણ નોંધપાત્ર છે. પરંતુ આ હંગામી આફતના ઉકેલ પછી લાંબા ગાળાના પગલા ભરવાનો એક અનિવાર્ય સંદેશ દરેક આફત તેની પાછળ મૂકીને જાય છે. અગાઉના વર્ષોમાં પણ અનેક વખત આપણે આવી કપરી સ્થિતિનો સામનો કરેલો છે. આથી તે તરફનું દુર્લક્ષ એ સામુહિક હીતનો લાંબા ગાળા માટે ભોગ આપવા સમાન છે. આપણી જો આવી રીતભાત હોય તો એ ભવિષ્ય માટે જોખમી બની રહેવાની પૂરી શક્યતા છે. પાણીનો ભરાવો થાય તેને સુનિયંત્રિત કરીને તેના ઉપયોગની અનેક શક્યતાઓથી આપણે અજાણ નથી. વહી જતા વરસાદી પાણીને રોકવાનો કે તેને ભૂગર્ભમાં ઉતારવાનો પ્રયાસ આપણે ભૂતકાળમાં પણ કરતા હતા અને આજે પણ કરીએ છીએ. પરંતુ કેન્દ્રીયકૃત રીતે મોટા બંધના સ્વરૂપે કે મોટા તળાવના સ્વરૂપે આવી વ્યવસ્થા થાય છે તે ઉપરાંત પણ પ્રયાસો કરવા જરૂરી છે. વિકેન્દ્રીત રીતે આપણા ઘણાં જૂના મંદિરોમાં વોટર રીચાજર્લગની વ્યવસ્થા હતી. અનેક પોળના જૂના મકાનોમાં પણ ઘરમાં બારે માસ પાણી મળી રહે તે માટેના નાના-મોટા ટાંકા બનાવવામાં આવતા હતા. નાગરિકો તરીકે આ સંદર્ભમાં જો આપણે નિર્ધાર તેમજ જાગૃતિ બતાવીએ તો પાણી સંગ્રહનું આ કાર્ય વિસ્તારી શકાય. ગુજરાતમાં અનેક સ્વૈચ્છિક સંસ્થાઓ પણ આ કાર્ય વર્ષોથી કરે છે જેના પરિણામ પણ મળ્યા છે. શુધ્ધ જળ એ પ્રભુની પ્રસાદી છે તેવા ભાવ સાથે આપણે પાણીનો જવાબદારીપૂર્વક તથા કરકસરથી ઉપયોગ કરીએ તો લાંબા ગાળે પીવાના પાણીની સમસ્યા હલ થવાની કામગીરીને બળ મળે. પાણીના નિકાલની કે યોગ્ય સંગ્રહની વ્યવસ્થા સિવાય નગરોનો વિકાસ થાય તો તેની સમસ્યાઓ આપણે અગાઉ પણ અનુભવી છે. લોકોની હાડમારી વધે તેવી કોઈ વ્યવસ્થા સ્થાયી કે સુખદાયી થઈ શકે નહિ એ જગતભરનો અનુભવ છે. સ્માર્ટ સીટીમાં અંતે તો લોક અગ્રસ્થાને છે. આથી વ્યાપક લોક સમુહની સુખાકારી અને તેમના માટેની સલામતીની સાંકળ નજર અંદાજ કરી શકાય નહિ. શ્રાવણના સરવડામાં આ ધ્વનિ વિસરી જઈએ તો ભવિષયમાં પણ આવાજ વિકટ પ્રશ્નો કદાચ સામે આવીને ઊભા રહે.

ઓગસ્ટ તથા શ્રાવણી ભીનાશનો સુયોગ હમેશા સુખદ તથા આહલાદક રહે છે. કવિ બાલમુકુન્દ દવેનીજ ઉપર ઉલ્લેખ કરેલો છે તેજ કાવ્યની અન્ય પંક્તિઓ પણ આ માહોલમાં સ્મૃતિમાં સળવળે છે.

આ જતિસતીના તપ રેલે
કોઈ ઝીલોજી
પેલી ઝરણાંની વણજાર હો
કોઈ ઝીલોજી.

આમ તો સચરાચર જગતમાં મેઘરાજાની રાહ જોવાતી હોય છે. આમ પણ ધરતી જ્યારે તપ તપે છે ત્યારેજ મેઘના દર્શન તથા મેળાપ થતો હોય છે. કવિ શ્રી પ્રહલાદ પારેખના શબ્દો આ સંદર્ભમાં યાદ આવે છે :

એવું રે તપસ ધરતી
એવું રે તપી,
જેવા તપરે તપ્યાંતા
એક દિન પારવતી સતી
આવોને મેહુલિયા ! આવો
ધરતીના તપ છોડાવો,
રૂપે ને રંગે નવાં
તપસીને એ સુહાવો :
અમરતથી હૈયું એનું
દિઓને ભરી ! એવું રે...

આપણે ત્યાં કચ્છ તથા ઝાલાવાડ જેવા પ્રમાણમાં સુકા અને વરસાદના અભાવવાળા ગણાતા વિસ્તારો પણ મેઘ સુયોગે નવાજ રૂપ રંગ ધારણ કરે છે. સમગ્ર કચ્છની શોભામાં વાગડની વિશેષ શોભા લોકકવિઓને જોવા મળી છે. આથીજ 'વર્ષામાં વાગડ ભલો' એવી વાત નિરંતર સાંભળવા મળી છે. એજ રીતે ઝાલાવાડનું ચોમાસાનું સૌંદર્ય પણ કવિ મીનપિયાસી કલમેથી માણવા ગમે તેવા શબ્દોમાં રેલાયું છે :

ઝૂલ ઝાલાવાડ જૂલ !
વૈશાખમાં છો વરવો
તો યે અષાઢમાં અણમૂલ
ઝૂલ ઝાલાવાડ ઝૂલ.

# સાહિત્યસભા દ્વારા રવિવારે 'કૃષ્ણભક્તિનાં ગીતો અને દેશભક્તિનાં ગીતો'નું પઠન



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા સાહિત્યિક મહેફિલ

● ગાંધીનગર સાહિત્યસભા દ્વારા માતૃભાષા ગુજરાતીના પ્રચાર અને પ્રસાર અર્થે વિવિદ સાહિત્યિક કાર્યક્રમો યોજવામાં આવે છે અને સાથોસાથ દર માસના બીજા રવિવારે અચૂક સાહિત્યસભા મળે છે અને તેમાં સર્જકની કેફિયત અથવા ગાંધીનગરના સાહિત્યસર્જકોની સ્વરચિત કૃતિઓનું સર્જકના સ્વમુખે પઠન કરવામાં આવે છે. આ માસની સભા, તા. ૧૩-૮-૨૦૧૭ને રવિવારના રોજ, સાંજના ૫.૦૦ વાગે, નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ગાંધીનગર ખાતે, સંસ્થાના અધ્યક્ષસ્થાને મળશે; જેમાં સાહિત્યસર્જકો, પોતાની 'કૃષ્ણભક્તિનાં ગીતો અને દેશભક્તિનાં ગીતો' ની સ્વરચિત કૃતિઓ રજૂ કરી, તેનું સ્વમુખે પઠન કરી શકશે; તો આ અંગેની સ્વરચિત કૃતિઓ સાથે આ સાહિત્યિક મહેફિલમાં અચૂક સમયસર પધારવા; નગરના મહાનુભાવો, સાહિત્યકારો, સાહિત્ય રસિકો-ભાવકો અને સાહિત્યસભાના સર્વે સભ્યોને સ્નેહસભર હાર્દિક જાહેર નિમંત્રણ છે.

● ગુજરાતી ભાષાના અગ્રીણ હરોળના સાહિત્યકાર - વાર્તાકાર અને કેન્દ્રીય સાહિત્ય અકાદમી દ્વારા, ગુજરાતીના શ્રેષ્ઠ પુસ્તક માટે એવોર્ડથી વિભૂષિત ડૉ. મોહન પરમારને ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી સને ૨૦૧૬ના 'સચ્ચિદાનંદ સન્માન' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. ડૉ. મોહન પરમારે અનુઆધુનિક ગુજરાતી વાર્તા અને દલિત નવલકથાનું સંવેદન વ્યાપક બનાવીને પોતાનાં પાત્રોને સંકીર્ણ વર્ગ સંઘર્ષમાંથી બહાર લઈ આવીન, એમના એ સંઘર્ષોને શાશ્વતે માનવીય મૂલ્ય આપ્યું છે. આ 'સચ્ચિદાનંદ સન્માન' અત્યાર સુધીમાં નારાયણ દેસાઈ, ફાધર વાલેસ, ગુણવંત શાહ, ભગવતીકુમાર શર્મા જેવા સમર્થ સાહિત્યકારોને અર્પણ થયું છે. ડૉ. મોહન પરમાર ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર ખાતે માર્ગદર્શન મંડળમાં પણ સરકાર દ્વારા નિમાયેલ છે, તેઓને ખૂબ ખૂબ અભિનંદનસહ અંતરની શુભકામનાઓ.

● અગ્રગણ્ય દલિત સાહિત્યકાર અને જાણીતા કવિ ડૉ. નીરવ પટેલને ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ તરફથી 'ન્હાનાલાલ અને રા.વિ. પાઠક શ્રેષ્ઠ કાવ્ય પારિતોષિક' તેમની 'પરબ' સામયિક ની 'ટૂંપાદોરી' કવિતાને વર્ષ ૨૦૧૬ની શ્રેષ્ઠ કવિતા તરીકે અર્પણ કરવામાં આવ્યું. નીરવ પટેલે ગુજરાતી અને અંગ્રેજી એમ બંને ભાષામાં શ્રેષ્ઠ દલિત કાવ્યસંગ્રહો આપ્યા છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદન અંતરની શુભેચ્છાઓ.

● બગસરાના કવિ સ્નેહી પરમારના ગઝલ સંગ્રહ 'યદા યદા ગઝલ' ને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૫ના શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક માટે પસંદ કરવામાં આવ્યા છે. ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રતિ વર્ષ શ્રેષ્ઠ પુસ્તકોને પુરસ્કૃત કરીને સર્જકોને સન્માનિત કરવામાં આવે છે. આ શ્રેણીમાં કવિ સ્નેહી પરમારના ઉક્ત પુસ્તકને શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિકમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયું છે. કવિના આ જ પુસ્તકમાંથી એક ગઝલ 'તે બેસે અહીં'નો ધોરણ-૧૦ના નવા ઉભ્યાસક્રમમાં ગુજરાતી વિષય (એસ.એલ.)માં સમાવેશ કરવામાં આવેલ છે. આ પૂર્વ કવિના પ્રથમ ગઝલ સંગ્રહ 'પીડા પર્યંત' ને પણ નાનાભાઈ હ. જેબલિયા સ્મૃતિ સાહિત્ય પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે. તેઓને ખૂબ ખૂબ અભિનંદનસહ શુભેચ્છાઓ.

● બાલસાહિત્ય અકાદમી દ્વારા તા. ૮-૧-૨૦૧૭થી શરુ થયેલ 'ડૉ. ઈશ્વર પરમાર પ્રથમ બાળ સાહિત્ય પુસ્તક પુરસ્કાર' માં સને ૨૦૧૪-૧૫નો આ પુરસ્કાર, બાલસાહિત્યકાર હસમુખ બોરાણિયાના પુસ્તક, 'ચકલીનો માળો'ને મળેલ છે. બાલ સાહિત્ય અકાદમીના ૧૭મા અધિવેશનમાં અધિવેશનના અધ્યક્ષ ડૉ. નાનક ભટ્ટના હસ્તે હસમુખભાઈના પુત્ર બિરેન બોરાણિયાને એનાયત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાલ સાહિત્ય અકાદમીના કન્વીનરો સર્વ યશવન્ત મહેતા, યોસેફ મેકવાન, નટવર પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

● ગુજરાત સરકારની ગુજરાત રાજય લલિતકતા અકાદમી દ્વારા ચિત્રકલા ક્ષેત્રે આપેલ યોગદાન નિમિત્તે સને ૨૦૧૫-૧૬ના વર્ષનો 'ગુજરાત રાજય લલિતકલા ગૌરવ પુરસ્કાર' થી કાકડિયા મનસુખભાઈ વી. જેઓ 'કુમાર' કલાવાર્તા વિભાગના કલાકારોના પરિચય લેખોના લેખક કલાવિવેચક છે, એમને આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

● 'કુમાર' લેખિકા પારિતોષિક (૨૦૧૬) શ્રીમતી કલમા પરીખ પારિતોષિક;દક્ષા બી. સંઘવીને તેમના 'સ્વ અને વિશ્વને જોડતો એક સેતુ' પ્રવાસ લેખ માટે આપવાનું નક્કી કરવામાં આવ્યું છે, જેના નિર્ણાયક તરીકે અરૂણા જાડેજા હતા.

● ડૉ. દિલીપ મોદીના નવા પુસ્તક 'આરોગ્યનો આયનો' નો લોકાર્પણ કાર્યક્રમ યોજાઈ ગયો; જેમાં ડૉ. મુકુલ ચોકસીએ પુસ્તકનો પરિચય આપ્યો હતો. ડૉ. મોદીના સાત તબીબી પુસ્તકો અને અગિયાર મુક્તકોનાં પુસ્તકો મળી, કુલ અઢાર પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યા છે. આ સમારંભનું સંચાલન ડૉ. મધુકર પરીખે કર્યું હતું. વિકાસબેન દેસાઈ, નાનુભાઈ નાયક અને ડૉ. મુકુલ ચોકસી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

- muljibhaidadhi@gmail.com